# ક્વિન્સ બર્થડે ઓનર્સ લિસ્ટ ૨૦૦૯માં એમબીઇ એવોર્ડ માટે લોપા પટેલની પસંદગી


લોપા પટેલ

લંડનઃ બ્રિટનનાં ઈન્ટરનેટ ઉદ્યોગસાહસિક લોપા પટેલની તેમનાં ક્ષેત્રે આપેલા યોગદાન અને સેવા બદલ એમબીઈ ખિતાબથી સન્માનિત થયા છે. આ ગુજરાતી ઉદ્યોગસાહસિક મહિલા લોપા પટેલ સાઉથ એશિયન લાઈફસ્ટાઈલ પોર્ટલ રેડહોટકરી.કોમનાં સ્થાપક છે. તેમને ડિજિટલ મીડિયામાં તેમ જ યુકેમાં સાઉથ એશિયન કમ્યુનિટિને આપેલા યોગદાન આ ખિતાબ એનાયત થયો છે.

પ્રતિષ્ઠિત એમબીઈ એવોર્ડ માટે પસંદ થવા બદલ લોપા પટેલે જણાવ્યું હતું કે, 'આ સન્માન મેં ઘણા વર્ષો સુધી કરેલી સખત મહેનત અને પ્રયત્નનું પરિણામ છે. મારા માટે આ ખિતાબ બિઝનેસ અને સમુદાયને નવો વળાંક આપવાનો પ્રારંભ છે.'

આજે પોતાના ક્ષેત્રમાં મોખરાનું સ્થાન ધરાવતાં લોપા પટેલ માર્કેટિંગ, ડિજિટલ મીડિયા અને ઉદ્યોગસાહસિકતાના વિષયો પર નિયમિત પ્રવચન આપે છે. એટલું જ નહીં, તેઓ ફેલો ઓફ ચાર્ટર્ડ ઈન્સ્ટિટ્યુટ ઓફ માર્કેટિંગ અને ફેલો ઓફ ઈન્સ્ટિટ્યુટ ઓફ ડિરેક્ટ માર્કેટિંગ એન્ડ રોયલ સોસાયટી ફોર આર્ટ્સ માટે ચૂંટાયા હોય એવા પ્રથમ એશિયન મહિલા છે.

લોપા પટેલે તેમની કારકિર્દી ઈમ્પિરિયલ કેમિકલ ઈન્ડસ્ટ્રીઝ (આઈસીઆઈ)ના ગ્રેજ્યુએટ પ્રોગ્રામમાં શરૂ કરી હતી. તેમણે માર્કેટિંગ સર્વિસ કંપની સ્થાપવા માટે આઈસીઆઈ છોડ્યું હતું અને ૨૦૦૧માં રેડહોટકરી.કોમની સ્થાપના કરી હતી. મે-૨૦૦૮માં તેમની બ્રિટનની અગ્રણી સરકારી એજન્સી બેક્ટાના નોન-એક્ઝિક્યુટિવ ડિરેક્ટરપદે વરણી થઈ હતી.

તેમણે જણાવ્યું હતું કે 'હું માનું છું કે એશિયન યુવાનોએ બ્રિટિશ સમાજ, રાજકારણ અને સંસ્થાઓ સાથે જોડાવવુ જોઈએ. મને હંમેશાં ગાંધીજીનું એ સૂત્ર યાદ આવે છે કે તમે વિશ્વમાં જે ફેરફારો નિહાળવા માગો છો તે ફેરફારો તમે જાતે લાવો. આ સન્માનથી મને વધુ સખત મહેનત કરવાની પ્રેરણા મળી છે.'